


## સલામી સવારની..

*કેન્દ્રમાં ખાયકી સિવાય કોઈ વાત થતી નથી,*
*ને પ્રતિ આક્ષેપો સિવાય કોઈ વાત થતી નથી,*
*કોઈ વાત 'વિકાસ'ની થતી નથી ભૂલથી પણ -*
*કૌભાંડ કીચક સિવાય, કોઈ વાત થતી નથી...*
*(જેટલી-કેજરી મલ્લયુદ્ધ)*

હાઈકુ

*ચોરની માતા -*
*લ્યો! રડશે જેલમાં...*
*મોઢું છૂપાવી...*

*થાય છે હવે*
*કૌભાંડી નેતા 'હીરો'*
*જેલમાં જઈ...*

### ચિંતન

**સૌ ચાદર સુર નર મુનિ ઓઢિન, ઓઢી કે મૈલી કિની ચદરીયા ।**
**દાસ કબીર જતનસે ઓઢિ, જ્યોં કી ત્યોં ધરિ દિની ચદરીયા ॥**

આપણે જીવનમાં કર્મનું બંધન ભોગવીએ છીએ. કબીરજી આપણા જીવનને ચાદરની ઉપમા આપે છે. સાથે સાથે તે ઈશ્વરની અનામત છે. ખુદાની બક્ષિસ છે.

જીવનમાં જે ભૂલો થાય છે કે દોષ વહોરીએ છીએ. તેનાથી પ્રભુની આ થાપણમાં આપણે ઘટાડો કરીએ છીએ. દેવતા સમાન મનુષ્ય કે ઋષિ-મુનિ પણ કાળજી વિના જીવતર પસાર કરે તો ભગવાનને આપેલી અમૂલ્ય ભેટ સમાન આ ચાદર મેલી થઈ જાય છે.

કબીરજી કહે છે કે, આ મહામૂલી જિંદગીમાં અતિ કાળજી, રાખવી જરુરી છે, પ્રભુએ જે ચોખ્ખી ચાદર આપી છે તેના પર દુર્ગુણોની છાપ ન પડે, દુરાચારના ડાઘ ન પડે અને પરદુઃખનો મેલ ન લાગે તે માટે સતત સંભાળ પૂર્વક વર્તવાની આપણી જવાબદારી છે.

હેતુલક્ષી, પરોપકારી, પવિત્ર અને સચેત જીવન પસાર કરીએ તો પ્રભુની પ્રસાદીરુપ આ મનુષ્ય અવતાર સાર્થક થાય છે. વિચાર, વાણી અને વર્તન નિર્મળ રાખે તે પ્રભુને પસંદ પડે.

### સુવિચાર

- હર શખ્સ દૌડતા હૈ ભીડ કી તરફ ઔર યે ભી ચાહતા હૈ કી ઉસે રાસ્તા મિલે - **વસીમ બરેલવી**
- આપણે કોઈ પ્રયાસ કરવાની હિંમત જ ના કરીએ તો જીવન કહી શું કોને?? - **મુંબઈ સમાચાર**
- પોતાના સ્વરુપને, પોતાના સ્વભાવને પામવું એ જ સમક્તિ - **જનકલ્યાણ**
- તીર એટલા અસરકારક નથી જેટલા હિંસક આંખના ભાવ છે - **આફ્રિકન કહેવત**
- ઋણાનુબંધ સંબંધોનો સમભાવે નિકાલ કરવો એનું નામ 'તપ' - **તરૂણ સાગર**
- જે ઘણા બધામાં અવિશ્વાસ રાખે છે તેનો બહુ ઓછા વિશ્વાસકરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે જાણતા હો એ બધું કહેશો નહિ પણ,
  તમે જે કહો છો તે બધું જ બરાબર જાણી લો - **ખલિલ જીબ્રાન**
- **આજનું ઔષધ : તજ અને કાથાનું ચૂર્ણ સરખે ભાગે લઈ મધ સાથે ચાટવાથી અપચો અને પાતળા ઝાડામાં તરત રાહત થાય છે** **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આધ્યાત્મ જ્ઞાન આપનાર, ભજન-ચિંતન-યોગની સાચી દિશા બતાવનાર, જીવ અને જીવનનો હેતુ-ધ્યેય બતાવનાર આપણા 'ગુરુ' જીવનનો સાચો હેતુ-ધ્યેય બતાવનાર તરફ જિંદગીભર 'પૂજ્યભાવ' રાખવો આપણી ફરજ જ છે પરંતુ 'ગુરુ' અંતિમ પળ સુધી તમને મદદ કરે કે 'જાદુઈ લાકડી' ફેરવી મોક્ષ અપાવે એવી અપેક્ષા ન રખાય - કોઈ રસ્તો બતાવી દે પણ પછી ચાલવાનું તો આપણે જાતે જ હોય...!

ભગવાન બુદ્ધની અંતિમ ઘડીઓ હતી. તેમનો પ્રિય શિષ્ય આનંદ અને બીજા બધા જ શિષ્યો ચોધાર આંસુએ રડતા હતા. આનંદ તો વધારે પડતું આક્રંદ કરતો હતો.

ભગવાન બુદ્ધ લાંબો શ્વાસ લઈ, આનંદને પૂછ્યું, 'બેટા? શું છે? તમે બધા આટલું બધું દુઃખ કેમ કરો છો?'

આનંદે કહ્યું, ભગવાન આપ ચાલ્યા જશો પછી અમારું બધું શું થશે? અમારા માર્ગદર્શક કોણ?

ભગવાન કહે - તમને આપવા જેવું બધું જ મેં આપી દીધું છે. હવે એ માર્ગે જ તમારે આચરણ કરવાનું છે. તમારા પથનો દીવો તમે જાતે જ છો!

'દિલ-હૃદયમાં દીવો કરો.'


# સંસદમાં શાસક પક્ષ ધાર્યા નિશાન પાડવામાં નિષ્ફળ

## તંત્રીસ્થાનેથી....

મહત્ત્વનાં બિલો પસાર કરાવવાની મોદી સરકારની મંશા અધૂરી જ રહી ગઈ અને સંસદનું શિયાળું સત્ર રાજકીય કાવાદાવા તથા હોબાળા વચ્ચે પૂરું થઈ રહ્યું છે. સંસદીય લોકશાહીમાં આવું પણ બની શકે એનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અંદાજ તો હોય જ જો કે એમની એકહથ્થુ શાસનશૈલી સામે એ મોટો પડકાર જ ગણાય. ગુજરાતના સુદીર્ઘ શાસનકાળ દરમિયાન નરેન્દ્ર મોદીએ વિપક્ષને કયારેક કોઠું નહોતું આપ્યું તે સર્વવિદિત છે. જયારે પણ વિપક્ષ હોબાળો મચાવતો ત્યારે સ્પીકર સાગમટે આખા વિપક્ષને અમુક દિવસો પૂરતો કાં તો આખા સત્ર માટે 'સસ્પેન્ડ' કરી દેતા અને શાસક પાર્ટી એનાં તમામ બિલ ફટાફટ સર્વસંમતિથી પસાર કરી દેતી. મોદીએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભારે બહુમતી સાથે વિજય મેળવ્યા પછી એમ જ લાગતું હતું કે સંસદમાં પણ તેઓ આ 'ગુજરાત મોડેલ' નું જ અમલીકરણ કરી બતાવશે. વિપક્ષનો અધિકૃત દરજ્જો પણ ન મળી શકે, એવી દયાજનક સ્થિતિમાં હડસેલી દઈ પ્રજાએ પણ મોદીને અનુકૂળતા કરી આપી હતી. પરંતુ મોદી માટે સંસદનું રાજકારણ ધાર્યા મુજબ સહેલું નથી નીવડ્યું. સંસદના ઉપલાગૃહ રાજયસભામાં વિપક્ષનો હાથ અધ્ધર રહે છે એટલે લોકસભામાં રાક્ષસી બહુમતી હોવા છતાં એ કારગત નથી નીવડતી. મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપી સરકારને જે શૈલીમાં ભાજપ કનડતું હતું અને ટુ-જી કે કોલસા કૌભાંડ જેવા મુદ્દે સંસદમાં આખોઆખાં સત્રો કશાય કામકાજ વગર જ પૂરાં થઈ જતાં હતાં, એ જ પ્રમાણે હવે વિપક્ષ મોદી શાસનના નાકે દમ લાવી રહ્યો છે. નેશનલ હેરાલ્ડ મુદ્દે ભાજપના અગ્રણી સુબ્રમણયમ સ્વામીએ તથાકથિત કોંગ્રેસના કૌભાંડનો ઘટસ્ફોટ કરવાનો પ્રયાસ કર્યો છે તે આખેઆખી બાબત સંસદની કાર્યવાહી ઠપ્પ કરાવાનું નિમિત્ત બની ગઈ છે. અસહિષ્ણુતાના ઉકળતા ચરૂ પછી સોનિયા-રાહુલને લોકનજરમાં ઉતારી પાડવાના આશયથી કરાયેલ આ કાનૂની દાવપેચ કદાચ બૂમરેંગ થઈને ગાંધી પરિવારના કોંગ્રેસી નેતાઓ પ્રત્યે સહાનુભૂતિનું મોજુ સર્જે, એવી શક્યતા વરતાઈ રહી છે. આ કેસમાં કોંગ્રેસની સર્વોચ્ચ નેતાગીરી આરપારની લડાઈ લડી લેવા કૃતસંકલ્પ છે. અભિષેક મનુ સિંઘવી અને કપિલ સિબ્બલ જેવા વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓને ખાતરી છે કે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પાક-સાફ થઈ બહાર આવશે. હાલ પૂરતી કાનૂની કાર્યવાહી અન્વયે સોનિયા-રાહુલ જામીનખત ભરવા ના પાડી દે અને જેલમાં જવાનું પસંદ કરે તો એથી સહાનુભૂતિનું મોજુ સરજાશે, જે આગામી સમયમાં આવી રહેલી પંજાબ, ગુજરાત અને ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને ફાયદો કરાવી શકે છે. એક તરફ મોદીરાજ બિન-ભાજપી રાજયોને યેનકેન પ્રકારેણ કોંગ્રેસ અને અન્ય વિપક્ષોનો સફાયો કરવા કૃતસંકલ્પ છે, તો બીજી તરફ એની વિરુદ્ધ વિવિધ સ્તરે નકારાત્મક વાતાવરણ સરજાઈ રહ્યું છે. પૂર્વોત્તરનાં રાજયોમાં ભારતીય જનતા પાર્ટીનું આડકતરું શાસન સ્થાપી વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતા એ પ્રદેશને 'કોંગ્રેસ મુક્ત' કરવાના કાર્યક્રમના ભાગ રુપે અરૂણાચલ પ્રદેશમાં જે નવાં સમીકરણો માંડી ભાજપે નીમેલા રાજયપાલ મનસ્વી નિર્ણયો લઈ રહ્યા છે તે બંધારણીય મર્યાદાઓની ઉઘાડેછોગ મશ્કરી સમાન છે. આ મુદ્દે સંસદમાં કોંગ્રેસને અન્ય પ્રાદેશિક પક્ષોનું પણ સમર્થન સાંપડ્યું છે.

# મો.ક. ગાંધીએ બકરી બાંધી, બકરી દોવા દીયે...નહીં

## ગાંધીજી પોતાની ટીકા થાય તો પણ ખુશી વ્યક્ત કરતા હતા




મહાત્મા ગાંધી સામે જયારે જયારે જે કોઈ સવાલ આવતો તેના જવાબ તેઓ અચૂક આપતા. પ્રશ્નકર્તાએ જો ગાંધીની સામે પણ સવાલ હોય તો એ પ્રશ્નનો પણ તેઓ જાહેરમાં પ્રત્યુત્તર વાળતા હતા.

નરહરિ પરીખને ૨૧મી જાન્યુઆરી ૧૯૧૯માં લખેલા પત્રમાં મહાત્મા લખે છે, દૂધ વિષે મેં જે છૂટ લીધેલી છે તે ઉપરની તમારી ટીકા વાંચીને હું ખૂબ ખુશ થયો છું. પરીખે ગાંધીજીએ અહિંસાના સંદર્ભે દૂધ છોડવા બાબતે વ્રત લીધું હતું. તે અંગે ટીકા એવી કરી હતી કે ''આપે બકરીનું દૂધ લેવા માંડ્યુ તેથી અમે સૌ રાજી થયા છીએ. પણ આવી રીતે વ્રતના નવા અર્થો શોધી કાઢી તેને ધીમે ધીમે તોડવું એના કરતાં સીધેસીધું છોડી દેવું એમાં સફળતા છે.''

દૂધ નહીં લેવાનું વ્રત લીધું પછી ગાય-ભેંસના દૂધને બદલે બકરીનું દૂધ શરુ કર્યું એ સામે નરહરિ પરીખે કેટલી ટીકાનો જયારે બાપુએ પ્રત્યુત્તર વાળ્યો ત્યારે તેમણે હરસ કપાવ્યા હતા. ખૂબ વેદના ભોગવ્યા પછી પિચકારી વાટે તેમને મોર્ફિયા (અફીણ) ચઢાવ્યું હતું. જેના ઘેનથી તેઓ બપોરના ૨ વાગ્યાથી ઊંઘ્યા હતા અને રાત્રે ૧૨ વાગ્યે ઉઠ્યા પછી પત્રનો જવાબ મહાદેવભાઈને લખાવ્યો હતો.

ગાંધી ટીકા કરનાર અનુયાયીને જવાબ વાળે છે કે મંદવાડના લીધે કે કોઈ પણ કારણસર જયારે નબળાઈ છે તો જોનાર મિત્રની ફરજ છે કે એ નબળાઈ તરફ પેલાનું ધ્યાન ખેંચવું. માણસને પડવાની લાલચ એટલી બધી હોય છે, અને પોતાને છેતરવાની એટલી બધી સગવડ કુદરતે જ તેને કરી આપી છે કે સાવધાન રહેનારો માણસ પણ જો નબળો હોય અથવા એના બધા ત્યાગો વૈરાગ વિનાના હોય તો એ અવશ્ય પડે. એટલે મિત્રોએ એકબીજાની ચોકી રાખવાની જરુર છે. એ ચોકી તમે બધા સંપૂર્ણતાએ કરો એવી ઈચ્છા પણ બાપુએ વ્યક્તકરી હતી.

ગાય અને ભેંસનું દૂધ ન લેવું એવું વ્રત લીધું પછી સંખ્યાબંધ અનુયાયીઓ, સાથીઓ તાર, ટપાલ અને રૂબરૂમાં મહાત્મા ગાંધીને સતત વ્રત છોડવા આગ્રહ કરતા હતા. દાકતર મહેતા તો પાંચ માસ સુધી ચાલેલા બાપુના મંદવાડ અને અશક્તિને જોતા સતત ટેલિગ્રાફ કરીને વ્રત છોડવા દબાણ કરતા હતા. આથી આ દબાણોને લક્ષમાં લઈને તેમણે બકરીનું દૂધ લેવાનું શરુ કર્યું હતું. ગાંધી લખે છે. મારા વ્રતો વિશે જેટલે દરજ્જે ઉદાર અર્થ મળી શકે તેટલે દરજ્જે મારે છૂટ લેવી જોઈએ. આ છૂટમાં હું સૂક્ષ્મ રીતે પણ મારા વ્રતનો ભંગ થાય છે એમ હું કબૂલ નહીં કરું. હજારો હિંદીઓ મારા દર્દથી અતિશય અકળાઈ રહ્યા છે. મારી માંદગીને લીધે બા જો કે હંમેશા રૂદન અને કલ્પાંત નથી કરતી, પણ એનો આત્મા તો અતિશય પિડાયો જ છે. આવા સમયે મારી શી ગતિ? એવો સવાલ કરતાં જવાબ પોતે જ વાળતા બાપુ કહે છે, 'વ્રતને તલમાત્ર પણ હાનિ પહોંચાડ્યા સિવાય જયાં જયાં ઉદારતા વાપરી શકાય ત્યાં ત્યાં ઉદારતા વાપરીને મારે છૂટ લેવી.' આ જ તો આટલી જ દલીલ છે. બીજી ઘણી છે પણ મુખ્ય દલીલ જ મેં તમને આપી છે. એવો ઉલ્લેખ કરતાં તેઓ ઉમેરે છે કે ''આ મારી દલીલ તમને સંતોષકારક ખુલાસો ન આપતી હોય અને હજી પણ તમે મારા કાર્યને વિષે નબળાઈ ન જુઓ તો મને જરુર ટીકા મોકલજો. બીજાઓની સાથે મસલત કરીને પણ તમે મને ટીકા મોકલશો તો હું બહુ રાજી થઈશ. તમારી ટીકા મને બરોબર જણાશે તો પણ હાલ તુરતમાં હું દૂધ જારી જ રાખીશ. એટલે રખે ને હું દૂધ છોડી દઉં એ ધાસ્તીએ તમે સંકોચ ન કરજો.''

ગાંધી-બકરી અને બકરીના દૂધ વિષે સંખ્યાબંધ વાતો ચર્ચાના ચગડોળે વખતોવખત ચડે છે ત્યારે ગાંધીજીએ દેવદાસ ગાંધીને લખેલા એક પત્રમાંની નોંધ નીચે આપી છે, બાપુએ એની પહેલા એની નોંધ લખી છે : આ પણ કદાચ કહેવત સારું ચાલે.

રસિકલાલ હરિલાલ મોહનદાસ કરમચંદ ગાંધી
બકરી.................................. બાંધી
બકરી દોવા દીયે...................... નહીં
ગાંધી રોતા રીયે....................... નહીં.

**(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# પ્રત્યેક ઘર એક સંસ્કાર યુનિવર્સિટી છે




પ્રત્યેક ઘર એક યુનિવર્સિટી છે. દરેક યુનિવર્સિટીના એક વાઈસ ચાન્સેલર હોય તેમ ઘરની યુનિ.ના વાઈસચાન્સેલર માતા હોય છે. જે ઘરમાં માતાને વાઈસચાન્સેલરનું સ્થાન આપવામાં આવે તે ઘર સંસ્કાર યુનિવર્સિટીમાં પરિવર્તિત થતી હોય છે. જાણીતા લેખક અને ચિંતક ડૉ. ગુણવંત શાહની હિંચકા યુનિવર્સિટી તેમના વાચકોમાં ઠીક ઠીક જાણીતી છે. યુનિવર્સિટી એ શિક્ષણ અને સંસ્કાર આપવાનું કાર્ય કરતી સંસ્થા છે. શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ પણ સમાંતરે આ કાર્ય કરતી હોય છે.

ઘર એક મંદિર, નો કન્સેપ્ટ આપણે સૌ જાણીએ છીએ. મંદિર જેવી સ્વચ્છતા અને પવિત્રતા ઘરમાં જળવાતી હોય છે. લક્ષણો પારણા અને બારણામાંથી જણાતા હોવાની વાતથી પણ આપણે વાકેફ છીએ. મારા ઘરની દિવાલો છે રંગ બે રંગી પરંતુ ઘરમાં બારી તો છે જ નહિ. જેવી અછાંદસ કવિતાઓ ઘર વિશે કવિએ લખી છે.

ઘરનું બાથરૂમ સારી ટેવો માટે જવાબદારી પૂર્વક વર્તતું હોય અને ઘરનું રસોડું ગૃહિણીના સ્વભાવનો અરિસો બનતું હોય છે. ઘરનું દીવાનખાનું મ્યુઝીયમમાં ફેરવાઈ ન જાય તેનું કેટલાક જાગૃત દંપતિઓ ધ્યાન રાખતાં હોય છે. લાયબ્રેરી ઘરની વ્યકિતઓની વિચાર સંહિતાનું પ્રતિબિંબ બને છે. એક જાણિતા ચિંતકે ખરું જ કહયું છે કે જે ઘરમાં એક નાનકડું પુસ્તકાલય પણ ન હોય તે ઘરને સ્મશાનવત જાણવું અને એ ઘરમાં દીકરી પરણાવવાની ગુસ્તાખી ભૂલથીય ન કરવી.

''યે તેરા ઘર યે મેરા ઘર કિસીકો દેખના હો ગર
તો પહલે આ કે માંગ લે મેરી નજર તેરી નજર''

શિક્ષણ અને સંસ્કાર વ્યકિતના જીવનમાં અતિ મહત્વના બને છે. વ્યકિતની ધરોહર આ બે બાબતોથી રચાતી અને ઘડાતી હોય છે. જે ઘર સંસ્કારની જાળવણી અને સિંચન કરે છે તે ઘર ધૂપસળીની જેમ મ્હેકી ઉઠે છે. ઘરના સભ્યો પર સંસ્કાર યુનિવર્સિટીનો પ્રભાવ પડયા વગર રહેતો નથી. આવા ઘરની વ્યકિતઓ પણ મ્હેંકી ન ઉઠે તો જ નવાઈ.

> *જે ઘર સંસ્કારની જાળવણી*
> *અને સિંચન કરે છે*
> *તે ઘર ધૂપસળીની જેમ મ્હેકી ઉઠે છે,*
> *ઘરના સભ્યો પર*
> *સંસ્કાર યુનિવર્સિટીનો*
> *પ્રભાવ પડયા વગર રહેતો નથી,*
> *આવા ઘરની વ્યકિતઓ પણ*
> *મ્હેંકી ન ઉઠે તો જ નવાઈ*

મા એ સુસંસ્કારોની જનની છે. બાળકમાં સંસ્કારનું સિંચન મા કરે છે. શિક્ષક શાળામાં એ સંસ્કારને પોષે છે અને યોગ્ય દિશા આપે છે. વિદ્યાર્થીને સાચી દિશા બતાવનાર શિક્ષકો કુટુંબ અને સમાજનું ગૌરવ ગણાય છે. ગૌરવવંતા શિક્ષકોનું સન્માન કરવું એ સમાજની ફરજ બની રહે. સંસ્કાર એટલે સારી ટેવોનો સમૂહ. વિનય, વિવેક, ક્ષમા, કરૂણા અને પ્રેમ- મા નામની યુનિવર્સિટી પાસેથી મળે છે. માતાનો ખોળો એ પ્રેમની યુનિવર્સિટી છે. માતાના ખોળામાં બાળક પરમ શાંતિનો અનુભવ કરે છે. નિર્ભયતા અને સલામતી મેળવે છે. માતાનો પ્રેમાળ સ્પર્શ બાળકના રોમે રોમને પુલકિત કરે છે.

આજે આ ઘર તૂટવા માંડયા છે. સંસ્કાર નામની આ યુનિર્સિટીને લૂણો લાગ્યો છે. ઘર નામની યુનિવર્સિટીના વા.ચા. એકલા અટૂલા પડી ગયા હોય તેવો અનુભવ કરે છે. ઘરના યુવાન દીકરા-દીકરી મોબાઈલ અને ફેસબુકમાં ખોવાઈ ગયા છે. ઘરમાં આવ્યા પછી પણ તેઓ મોબાઈલ સાથે જ દોસ્તી રાખે છે. મા-બાપ કરતાં મોબાઈલને વધુ એટેન્ડ કરે છે. લાગણીઓને ફોરવર્ડ કરે છે અને બાકીના મેસેજ ડીલીટ કરે છે. જયારે મા-બાપ વાત કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે મોબાઈલમાં ફ્રેન્ડ સાથે બીઝી હોય છે. વા.ચા. (માતા) ના કોલને ડાયવર્ટ મોડમાં મૂકેલો હોય છે.

મા-બાપના પ્રયત્નો આ યુનિ.ને બચાવવાનાં છે. રોજે રોજ નીતનવા વાઈરસનો સામનો કરતાં મા-બાપ લોહી લૂહાણ થઈ ગયા છે. જયારે દીકરાનો મોબાઈલ સાયલન્ટ મોડ પર છે.

દરેક મા-બાપની ફરજ અને કર્તવ્ય બને છે કે ઘર નામની યુનિવર્સિટીને જીવંત રાખે. તેનું એફિલેશન ''પ્રભુ'' નામની મહાન યુનિવર્સિટી સાથે પકડી રાખે. કંઈપણ ખલેલ પહોંચે કે ડિસ્ટર્બ થવાય તો પણ એ વડી યુનિવર્સિટી સાથેનું જોડાણ યથાવત રાખે. ઘર નામની યુનિવર્સિટી ના વાઈસ ચાન્સેલરની તબિયતનું ધ્યાન રાખવાની જવાબદારી ઘરના સૌ સભ્યોની બની રહે છે. આ વા.ચા. ઘરના સૌ સભ્યોને લાગણીના જોડાણથી પ્રેમનું પેટ્રોલ પૂરીને જોડી રાખવામાં સફળ રહેતાં હોય છે. નિઃસ્વાર્થ પ્રેમનું સરનામું એટલે મા.

આપણું ધ્યેય માત્ર એક જ હોવું જોઈએ અને તે એ કે આપણું ઘર એ સંસ્કાર યુનિવર્સિટી હોય, જેના વાઈસચાન્સેલર માતા હોય અને યુનિવર્સિટી થકી પ્રેમ અને કરુણાના ઝરણાં વહેતાં હોય. પ્રત્યેક ઘર એ સાચા અર્થમાં પ્રેમની યુનિવર્સિટી બની રહે પછી યુનિવર્સિટીઓ ભલે જખ મારતી.

**મિસરી**

''એક બાલમંદિરના બાળકને આચાર્યએ પૂછયું :''
''વોટ ઈઝ યોર નેમ ?''
'અંગદ'
''વોટ ઈઝ યોર મધર નેમ ?''
''અભી રખા નહિ હૈ ફિલહાલ મૈં
પ્યાર સે મમ્મા કહકે બુલાતા હું ''
(sms- જયંતિભાઈ નાયી-મહેસાણા)

- santoshdevkar03@gmail.com

# આમ તો બસ આંખનો પલકાર છે, જિંદગી બસ શ્વાસની રફતાર છે કોઈનાં લોચન ભીનાં જો લૂછીએ, સુખની સાથે જ તો વણઝાર છે

**સાહિત્ય અવસરવૃત્ત**

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને ગુ.રા.માર્ગ વાહનવ્યવહાર નિગમના અધિકારી વિજયસિંહ ચાવડાના કાવ્યોનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ તા. ૧૩.૧૨.૧૫ના રોજ યોજવામાં આવેલ પરંતુ, તેઓના પિતાજીની તબિયત એકોક બગડતાં, આ સાહિત્યિક કાર્યક્રમ મોકુફ રાખવામાં આવેલ; પરંતુ આ કાર્યક્રમને આગળ ધપાવવા માટે તેના સ્થાને, સભ્યોની સ્વરચિત અને અપ્રકાશિત કૃતિઓના સ્વપઠનનો કાર્યક્રમ શરુ કરવામાં આવેલ. જેમાં સૌ પ્રથમ શબદની દેવી મા શારદાની સ્તુતિ વંદના મૂળજીભાઈ પરમાર દ્વારા, હાજર સર્વેનું અંતરના અમી ઝરતા સ્નેહશબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૧૫માં જે સભ્યોના જન્મદિવસ આવે છે તેવા ૨૩ સભ્યોની નામાવલિ મુળજીભાઈ પરમાર દ્વારા રજૂ કરવા અને સર્વે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી.

પોતાની કલ્પનાઓને સુરમ્ય રંગોથી રંગીને રચેલ કૃતિઓનું સ્વમુખે પઠન કરેલ તે કૃતિઓના થોડાક અંશોને માણીએ.

સુમંતભાઈ શાહે તેમની કૃતિ 'પારાયણ પચે નહિ' માં કહ્યું કે :

''વાદ ના, વિસંવાદ ના, વિભાવના જાગે કંઈ,
નેહ ના, પ્રેમાલાપ ના, સંસ્મરણ જશે નહિં
રામ ના, અભિરામ ના, રામાયણ રચે કંઈ,
ગીત ના, ગીતાજ્ઞાન ના, પારાયણ પચે નહિં.''

કવિ મુલાંકીએ તેઓની કૃતિ 'મહાત્મા મંદિર'માં જણાવ્યું કે :

''નથી જોયું મેં કોઈ આત્મા મંદિર કે નથી જોયું મહાત્મા મંદિર,
પણ ગાંધીનગરમાં જ જોવામાં આવ્યું મહાત્મા મંદિર.''
''અહીં હરઘર કર્માત્મા મંદિર, અહીં હરઘર ધર્માત્મા મંદિર,
તદુપરાંત ગાંધીનગરના સેક્ટર-પંદરમાં જુઓ મહાત્મા મંદિર.''

રણછોડભાઈ પરમારે તેઓની કૃતિ 'હવે' રજૂ કરતાં જણાવ્યું કે :

''એમની યાદોને ઝંઝેડો હવે; યા પછી આંખોને ખંખેરો હવે,
મૌનનો મહિમા અમે માણી લીધો; શબ્દને થોડાક ઝંઝેડો હવે.''

જીતેન્દ્ર કા. વ્યાસે પોતાની સ્વરચિત કૃતિ 'લક્ષ્મી કેવળ'માં રજૂ કર્યું કે :

''લક્ષ્મી કેવળ જયાં ઉપાસિત હોય છે,
વિષ્ણું ત્યાં કાયમ નિવાસિત હોય છે.
એ બળ્યો જયારે, ખબર ત્યારે પડી:
માંહ્યથી ગૂગળ સુવાસિત હોય છે.''

મુળજીભાઈ પરમારે પોતાની 'ભલે ન ઢૂકે પાસમાં' અછાંદસ કૃતિમાં જણાવ્યું કે :

''તને અહર્નિસ નિરખ્યા કરૂં અને સદૈવ મનભર માણ્યા કરું!
પ્રિતઘેલાં આતુર નયનોમાં, નેણના વક્ર શરસંધાનમાં!
હરપળ, હર ગલી ગલીને હર કૂંજ કૂંજમાં!
બસ માણ્યા કરું તને 'કવિતા' ભલે ન ઢૂકે પાસમાં,
કે તું ન સ્ફૂરે 'દધિ' દિમાગમાં!''

મનિષ દવેએ પોતાનું મુક્તક રજૂ કર્યું :

''પરબીડિયું ખૂલે ને અંદરથી એક જણ નીકળે
ને સાથ વિતાવેલી એક ક્ષણ નીકળે.
આમ અચાનક જ કોઈનું સ્મરણ ઊગી નીકળે
ને મૂળ સુધી ખોદતાં લાગણીનું થર નીકળે.''

પ્રવીણ ગઢવીએ તેમની અછાંદસ કૃતિ 'ચાતક' રજૂ કરી :

''વાવઝોડા, વરસાદ સાદ, સાગરપાર થકી ઘૂસ્યો છે
આતંકવાદી એક, બાતમી પાકી, તમામ બાગ-બગીચા
વન-ઉપવન, સરોવર-સરિતાની લો તલાશી -
નામ છે એનું ચાતક!''

ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા મુક્તક 'વણઝાર છે' રજૂ કરવામાં આવ્યા :

''આમ તો બસ આંખનો પલકાર છે,
જિંદગી બસ શ્વાસની રફતાર છે.
કોઈનાં લોચન ભીનાં જો લૂછીએ,
સુખની સાથે જ તો વણઝાર છે.''

**સાહિત્ય વૃત્તસંચય**




- ગુર્જર પરિવાર અને ધૂમકેતુ પરિવારના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે શ્રેષ્ઠ નવલિકા સંગ્રહ માટે 'ધૂમકેતુ નવલિકા પુરસ્કાર' આપવામાં આવે છે. આ વખતે સને ૨૦૦૭ થી ૨૦૧૫ દરમિયાનનો પુરસ્કાર ૧૧ વાર્તાકારો સર્વે (૧) માય ડિયર જયુ (૨) અનિલ વ્યાસ (૩) દલપત ચૌહાણ (૪) કાનજી પટેલ (૫) બિપિન પટેલ (૬) કંદર્પ દેસાઈ (૭) બિંદુ ભટ્ટ (૮) દશરથ પરમાર (૯) નવનીત જાની (૧૦) સંજય ચૌહાણ અને (૧૧) પન્ના ત્રિવેદીને તા. ૬-૧૧-૨૦૧૫ના રોજ; પ્રતિષ્ઠિત સાહિત્યકાર રઘુવીર ચૌધરીના અધ્યક્ષ સ્થાને અને જાણીતા વાર્તાકાર પ્રવીણસિંહ ચાવડાના અતિથિ વિશેષ પદે એનાયત કરવામાં આવ્યો. આ કાર્યક્રમનું સંચાલન કિરીટ દૂધાતે કર્યું હતું.
- સેન્ટ્રલ એકસાઈઝ કમિશ્નર કચેરીના સુપ્રી. રમેશ ચૌહાણના ગઝલ સંગ્રહ 'અનુભૂતિ' અને કાવ્ય સંગ્રહ 'અહેસાસ' પ્રસિદ્ધ થયા છે અને જેમની ગઝલની ઓડિયો સીડી 'પ્રેમ ભીના સંબંધ સને ૨૦૧૧માં રજૂ થઈ હતી. તેમના ગીત-ગઝલનો આલ્બમ ''મારા હિસ્સાનો સૂરજ'' તા. ૧૭મી ડિસેમ્બરના રોજ પ્રકાશિત થયો જેમાં ગઝલ અને ગીતને રૂપકુમાર રાઠોડ, ઓસમાણ મીર, ઐશ્વર્યા મઝમુદાર, પાર્થિવ ગોહિલ અને શ્યામલ સૌમિલે કંઠ આપ્યો છે.'
- ગાંધીનગરના જાણીતા સાહિત્ય સર્જક ડૉ. આલોક ગુપ્તા દ્વારા સુવિખ્યાત નવલકથા 'સરસ્વતી ચંદ્ર'ના ચોથા ભાગનો હિન્દીમાં અનુવાદ કરાયેલ ગ્રંથનું દિલ્હી ખાતે લોકાર્પણ થયું. 'સરસ્વતીચંદ્ર' ના પ્રથમ ભાગનો હિન્દીમાં અનુવાદ તેમણએ કર્યો હતો.

**દધિ મુક્તક**

કોઈ પથ્થર સીમા આંકીને, અલગ કરે!
કો'વળી રસ્તે રઝળતો અડચણ કરે!
કો'ખોડાતો ખાંભી થૈ, કુરબાની છતી કરે!
કો' છીણીએ કોતરાઈ, પ્રભુ થૈ પ્રીતિ કરે!

**દધિ હાઈકુ**

કાપી જંગલો,
શીતળ છાયા શોધે
મૂર્ખ માનવો!

સુક્કી નદીના
કિનાર તરસે છે,
પ્રેમ-મિલન!

- muljibhaidadhi@gmail.com